## વાહનની હરાજીની શરતો

આદિજાતિ વિકાસ વિભાગ, વાહન નંબર : જીજે.૧૮.જી.૫૩૧૧

(૧) Mahindra Bolero LX MDI/2WD 7 Seater વાહન સને ૨૦૧૨નું મોડેલ છે. જેના અત્યાર સુધી ૨,૦૨,૦૦૦ કિ.મી. ઉપયોગ થયેલ છે. આ વાહનની તળિયાની કિંમત રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) નકકી કરવામાં આવેલ છે.

(૨) આ વાહન જે હાલતમાં છે તેવી જ હાલતમાં રદબાતલ કરવામાં આવેલ છે.

(૩) આ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૫માં ભાવપત્રક ઉપસચિવશ્રી (મહેકમ) **આદિજાતિ વિકાસ વિભાગ, બ્લોક નંબર ૮/૬, સચિવાલય, ગાંધીનગરને મળી જાય તે રીતે સીલ બંધ કવરમાં R.P.A.D. થી મોકલી આપવાના રહેશે. કવર ઉપર "વાહન વેચાણના ભાવ" એમ દર્શાવી મોકલી આપવાના રહેશે.**

**(૪) આ વાહનની નકકી કરવામાં આવેલ તળિયાની કિંમત કરતાં ઓછી કિંમતના ભાવપત્રક લક્ષમાં લેવામાં આવશે નહી. તળિયાની કિંમત કરતાં પાર્ટી/વ્યકિતઓ વચ્ચે અંદરો અંદરની સમજૂતી અથવા વાહનની વ્યાજબી કિંમત મળવાપાત્ર થનાર નથી તેમ સમિતિને જણાશે તો આ વાહનની હરાજી કરવાનો નિર્ણય મોકુફ રાખી શકાશે.**

(૫) હરાજીમાં જે પાર્ટી/વ્યક્તિઓએ ભાવપત્રકો રજૂ કરેલ હોય તે જ ભાગ લઇ શકશે.

(૬) બંધ કવરમાં મળેલ ઓફરથી જેના ભાવો સૌથી વધુ હશે, તેઓએ તુર્તજ સ્થળ ઉપર ૨૫ ટકા રકમ હરાજીના દિવસે જમા કરાવવાની રહેશે. બાકીની રકમ હરાજી મંજુર થયેથી દિન-૭ માં ભરવાની રહેશે. સદર રકમ સમય-મર્યાદામાં ભરપાઇ ન થાય તો બાના સહિત ભરેલ તમામ રકમ જપ્ત કરવામાં આવશે.

(૭) જે ઇસમ/વ્યક્તિની ઓફર મંજુર થાય તેમણે હુકમની તારીખથી દિન-૭ માં વાહન જે સ્થિતિમાં હશે તે જ સ્થિતિમાં જ જે તે સ્થળેથી તેમના ખર્ચે અને જવાબદારીએ લઇ જવાનું રહેશે.

(૮) જેની ઓફર મંજુર થાય તે વાહન વેચાણ રાખનારે તેમણે ભરેલ ભાવો ઉપરાંત વેચાણ વેરાના નિયમ મુજબ વેચાણ વેરાની રકમ તેમજ લાગુ પડતાં અન્ય ચાર્જ અલગથી ભરવાના રહેશે.

(૯) ભાવપત્રકો સ્વીકારવાની તેમજ ખોલવાની આખરી સત્તા અત્રેના વિભાગની રહેશે.

(૧૦) આવેલ ઓફરો મંજુર કરવી કે ન કરવી તે અંગેનો છેવટનો નિર્ણય અત્રેના વિભાગનો રહેશે. જે તમામને બંધનકર્તા રહેશે.

Bhavisha
(ભાવીશા ખમાર)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ